અપીલ અરજી નં.૫૩ તા.૧૨–૫–૧૦/૧૧

અરજદારઃ–શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન/મ.મહેકમ)

ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન,રીક્રુટમેન્ટ)

ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર–વરાછાઝોન)

એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૬–૪–૧૦ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગની જાહેરાત નં.પીઆરઓ/૧/૨૦૧૦ થી ન.જીએડી/ ઈએસટી/આર/૨૮ તા.૩–૪ –૧૦ ના અનુસંધાનમાં મુદ્દા નં.૧ થી ૭ ની માહિતીની નકલ મેળવવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૨–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૩/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૬–૪–૧૦ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગની જાહેરાત નં.પીઆરઓ/૧/૨૦૧૦ થી ન.જીએડી/ ઈએસટી/આર/૨૮ તા.૩–૪ –૧૦ ના અનુસંધાનમાં મુદ્દા નં.૧ થી ૭ ની માહિતીની નકલ મેળવવા બાબતે તમામ ઝોન તરફથી આપેલ માહિતી તથા ઈ.ચા. પર્સોનલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી (આર) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૩૭ તા.૪–૫–૧૦ તથા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૯૬ તા.૨૯–૪–૧૦ થી આપેલ માહિતી અયોગ્ય, અસ્પષ્ટ અને અસત્ય આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧ ૨–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૩ તા.૨૦–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી (તમામઝોન), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૬ અને ૭ અંગે મુળ અરજીની માહિતીમાં જ તેઓ સ્પષ્ટ નથી. બંને મુદ્દા અંગે સૂચન અને તકરાર નિવારણને સ્પર્શતી બાબત છે તેમ છતાં ચોકકસ માહિતી અંગે વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ.જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં. ૧૨૫૮ તા.૨૫–૫–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, તથા સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર (આર) ને તબદીલ કર્યા અંગેનો પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮ તા.૮–૪–૧૦ ના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર (આર) તરફથી કતારગામઝોન ઈ.ચા. સીવીક સેન્ટરને તબદીલ કર્યા અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૨ તા.૯–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/૫૩૫ તા.૨૩–૪–૧૦ ના પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૮૫ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તથા રીક્રુટમેન્ટ વિભાગ તરફથી તબદીલ થયેલ પત્રો, અરજદારની મુળ અરજીની નકલ, પ્રમુખશ્રી દલિત અધિકાર સંઘ ગુજરાત (સુરત શહેર) ને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૯ તા.૨૧–૪–૧૦ ના રોજ પાઠવેલ પત્રની નકલ, અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૦ તા.૨૩–૪–૧૦ ના પત્રની નકલ, સા.સ.ઠ. નં.૪/૨૦૦૨ તા.૧૮–૧–૦૨ ના ઠરાવની નકલ, અમદાવાદ મ્યું. કોર્પોરેશનનો તા.૧૬–૧૨–૦૯ નો પત્ર, વડોદરા મહાનગર સેવાસદનનો તા.૮–૧૨–૦૯ નો પત્ર, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૬ તા.૨૯–૪–૧૦ ના પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૮૨ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તથા રીક્રુટમેન્ટ વિભાગ તરફથી તબદીલ થયેલા પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.ન.૧૧૫ તા.૭–૫–૧૦ ના પત્રની નકલ મળેલ છે. સેકશન ઓફિસર ઉધનાઝોન તરફથી તેમના પત્ર નં.૩૮૯ તા.૨–૬–૧૦ થી પૂરક વિગતોમાં તબદીલ પત્રો, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૪ તા.૨૯–૪–૧૦ ના પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૫૫૪ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં તબદીલ પત્રો, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૩ તા.૫–૫–૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે. જયારે સેન્ટ્રલઝોન, વરાછાઝોન તથા રાંદેરઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.પરંતુ અરજી નિકાલની જાણ સબબ તેઓ તરફથી અરજદારને પૂરી પાડેલ માહિતીના પત્રોની નકલ રાંદેર સિવાયના ઝોન માટે મળેલ છે. તથા અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૬–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮ તા.૮–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૨ તા.૯–૪–૧૦ થી મુદ્દા નં.૧ થી ૩ તેમજ ૬ અને ૭ ની માહિતી માટે મધ્યસ્થ મહેકમને તથા મુદ્દા નં.૫ માટે તમામઝોન, કતારગામઝોન, અઠવાઝોન, ઉધનાઝોન,લીંબાયતઝોન સેન્ટ્રલઝોન, વરાછાઝોન તથા રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧. ઉપરોકત જાહેરાતના અનુક્રમ નં.૩ સ્ટેનો ટાઈપીસ્ટની ખાલી જગ્યા–૧૫, અ.જા.–૧,જ.જા.–૨,સા.શૈ.પ.વ.–૨, બિન અનામત–૧૦ જગ્યાની જાહેરાતમાં સામાન્ય વહીવટ–ગુજરાત સરકારના પરિપત્ર અનુસાર સામાન્ય ઠરાવના અનુસાર સ્થાયી સમિતિના ઠરાવનાનુસાર સ્નાતકની ડીગ્રીની લાયકાતની માંગણી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૬ તા.૨૯–૪–૧૦ થી સુરત મહાનગરપાલિકા એક સ્વાયત સંસ્થા છે અને તે પોતાની ભરતી અંગેના નિયમો, શૈક્ષણિક લાયકાત વિગેરે નકકી કરવાનું ઠરાવી શકે છે. સા..સ.ઠ.સ ના ઠરાવ નં.૩૧૪/૯ તા.૭–૮–૦૯ થી સ્ટેનો ટાઈપીસ્ટની નકકી કરવામાં આવેલ લાયકાત દર્શાવતી નકલ પૂરી પાડેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨. ઉપરોકત જાહેરાતના અનુક્રમ નં.૫ ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી જગ્યા –૩૦૦ જ.જા.–૫૦,સા.શૈ. પ.વ.–૧૦૨, વિકલાંગ ૦૫ અને બિન અનામત ૧૨૧ –કુલ ૨૮૮ ખાલી જગ્યાની ગણત્રી થાય છે. જેમાંથી અ.જા. નો છેડ ઉડાડી દેવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ભારત સરકારશ્રીના બંધારણમાં નકકી કરાયેલ રોસ્ટર સબંધી નિયમો અનુસરવાના થતા હોય તે સબબ રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૫–૯–૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક પવસ–૧૬૯૬–૮૭૮–ઘ–૪ સાથેના પરિશિષ્ટ–૩ મુજબ સીધી ભરતી માટે અનામત જાતિના ઉમેદવારની નિમણુંક અર્થે નકકી કરાયેલ ટકાવારી પૈકી અનુસુચિત જાતિના ઉમેદવારો માટે ૭% જગ્યા અનામત રાખવાની થતી હોય છે સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કેડરની કુલ ઉપસ્થિત જગ્યામાં રોસ્ટર નિયમોનુસાર ૭% પ્રમાણે અનુસૂચિત જાતિની ૧૩૧ જગ્યા ભરવાની થાય પરંતુ હાલમાં ભરાયેલ કુલ ૧૫૦૫ જગ્યામાં અનસુચિત જગ્યાના ૧૯૪ ઉમેદવારો છે આ અનુસુચિત જાતિની ભરવાજોગ ૧૩૧ જગ્યાની સામે અનુસુચિત જાતિના ૧૯૪ ઉમેદવારો હયાત હોય એટલે કે અનુસુચિત જાતિની ૬૩ જગ્યા જરૂરીયાત કરતાં વધુ ભરાયેલ હોય અનુસુચિત જાતિ માટે જગ્યા ફાળવી શકાયેલ નથી. તેમ છતાં અનુસુચિત જાતિના ઉમેદવારો જાહેરાત સંદર્ભે અરજી કરવામાંથી વંચિત રહેશે નહીં. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩. ઉપરોકત જાહેરાતના અનુક્રમ નં.૫ ત્રીજી શ્રેણી કલાર્કની ૩૦૦ સંખ્યાની ખાલી જગ્યાની સામાન્ય વહીવટ ગુજરાત સરકારના કયા પરિપત્ર અનુસાર સામાન્ય ઠરાવનુસાર સ્થાયી સમિતિના ઠરાવનુસાર સ્નાતકની ડીગ્રીની માંગણી કરવામાં આવેલ છે જેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાત સંદર્ભેના સ.સ.ઠ. નં. ૪/૦૨ તા.૧૮–૧–૦૨ ની નકલ પૂરી પાડેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ ઉપરોકત જાહેરાતના કેડરની લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી સુરત પ્રાદેશિક રોજ ગાર કચેરીમાં સદર કેડરની શૈક્ષણિક લાયકાત ધરાવતા શૈક્ષણિક નોકરી વાંચ્છુ નોંધણીની ન મંગાવવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર આર તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૩૭ તા.૪–૫–૧૦ થી રોજગાર અધિકારી સેવાસદન નગર રોજગાર કચેરી સોનગઢ માંડવીને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૮ તા.૫–૪–૧૦ થી જાહેરાતની નકલ ફોર્મ એન્ડ મેનર ઓફ નોટીફીકેશન ઓફ વેકન્સી સહિતની નકલ સહિત રજૂ કરેલ છે. મુદ્દા નં.૫ ઉપરોકત જાહેરાતના અરજી ફોર્મનું રૂા.૨૫ વેચાણ કરવા અંગેની સાતઝોન કચેરીમાંથી કુલ અરજી ફોર્મના વેચાણ અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/૧૧૫ તા.૭–૫–૧૦ થી સીટી સીવીક સેન્ટર ચોપાટી પરથી ત્રીજી શ્રેણી કલાર્ક ની પડેલી જાહેરાતના રૂા.૨૫ વાળા ફોર્મ નંગ–૨૦૫૬ તથા સા.વે.ઝોન/અઠવાઝોન કેન્દ્ર પરથી ૧૨૨૦ મળી કુલ ફોર્મ નંગ–૩૨૭૬ નું વિતરણ થયેલ છે. તેવી માહિતી આપેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૯ તા.૬–૫–૧૦ થી સેન્ટ્રલઝોનના મુગલીસરા ખાતેના નાગરીક સુવિધાકેન્દ્ર અને મીલેનીયમ નાગરીક કેન્દ્ર ધ્વારા તા.૩–૪–૧૦ થી તા.૨૦–૪–૧૦ સુધીમાં કુલ ૧૪૬૯૫ ફોર્મનું વિતરણ થયેલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪ તા.૫–૫–૧૦ થી તા.૩–૪–૧૦ ની કલાર્ક સ્ટેનો ટાઈપીસ્ટની ખાલી જગ્યાની ભરતી માટેના ફોર્મ વરાછાઝોન ખાતેથી કુલ ૩૩૪૪ નું વેચાણ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/૩૬૩ તા.૫–૫–૧૦ થી લીંબાયતના ત્રણ સીવીક સેન્ટર પર કુલ ૧૮૯૮ અરજી ફોર્મનું જાહેરાત નં.પીઆરઓ/૧–૨૦૧૦ જીએડી/ઈએસટી/આર/૨૮ તા.૩–૪–૧૦ ના સંદર્ભે વેચાણ થયેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૪ તા.૨૯–૪–૧૦ થી ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી જગ્યા અંગે સા.ઝોન/(ઉધના) સીવીક સેન્ટર ખાતે ફોર્મ નંગ–૨૬૭૨ તથા ભેસ્તાન સીવીક સેન્ટર ખાતે ફોર્મ નં.૨૪૭ નું વેચાણ થયેલ છે.તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝે/આ.નં.૫૩૫ તા.૨૩–૪–૧૦ થી જાહેરાત નં.જીએડી/ઈએસટી/આર/૨૮ તા.૩–૪–૧૦ ના અનુસંધાનમાં નોર્થઝોન કતારગામઝોન ખાતેથી વોર્ડ –૩ ના અરજી ફોર્મ કુલ નંગ–૨૮૩૩ નું વિતરણ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જયારે વેસ્ટઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં.૬ ઉપરોકત જાહેરાતમાં પણ સુરત શહેરના સ્થાનિક શહેરીજનો સાથે અન્યાય કરી અન્ય શહેરના ઉમેદવારોને પ્રથમ પસંદગી આપશો જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ આધારીત માહિતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ ઉપરોકત એસએમસી ની જાહેરાત ખાલી જગ્યામાં સ્થાનિક ઉમેદવારોને જ પ્રથમ અગ્રીમતાના ધોરણે પસંદગી આપશો. એવું લખાણ લખેલ નથી જયારે અન્ય બરોડા, ભરૂચ, વલસાડ, અને વાપી વિગેરે શહેરની નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ત્યાંના ઉમેદવારોને પસંદગી આપવા જાહેરાતમાં લખેલ હોય તો આ નિયમ લાગણી એસએમસીના અધિકારીઓ ન અપનાવતા હોવા અંગેની માહિતીની નકલની માંગણી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર

બાબતે વડોદરા મહાનગરસેવાસદન અને અમદાવાદ મ્યુ. કોર્પોરેશનથી પ્રાપ્ત થયેલ પત્રોની નકલ પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અરજદારની માંગેલી માહિતી અયોગ્ય, અસ્પષ્ટ અને અસત્ય આપેલ છે તેવું જણાવી તા.૧૨–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં એક ઝોનની માહિતી મળેલ નથી વધુમાં અનુસુચિત જાતિ અંગે આપેલ માહિતી ની યાદીની માંગણી કરેલ છે. જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન રજૂ કરેલ છે. વધુમાં ભરતી અંગેના નિયમો શૈક્ષણિક લાયકાત રાજય સરકારના સામાન્ય વહીવટ ધ્વારા નકકી કરવામાં આવે છે જે અંગેના પરિશિષ્ટની માંગણી કરેલ છે જે વધારાની માંગણી છે. મુદ્દા નં.૩ અને ૬ માં યોગ્ય નથી તેવું જણાવેલ છે. તેના કોઈ આધાર જણાવેલ નથી. મુદ્દા નં.૭ માં ભલામણ કરવા કમિશ્નરશ્રીને ભરૂચ વલસાડ અને વાપીનું સૂચન કરેલ છે. મુદ્દા નં.૪ માં વહીવટી સૂચન કરેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૫ માં રાંદેરઝોનના ફોર્મ વિતરણની માહિતી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન સિવાયની તમામ ઝોનના જાહેર માહિતી અધિકારીઓ તરફથી માહિતી પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૬–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ પૈકીની રાંદેરઝોનની ફોર્મ વિતરણ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. તે સિવાયના પક્ષકાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માંગેલ માહિતી દફતરી વિગતે પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. વધુમાં અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન મ.મહેકમ),ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન,રીક્રુટમેન્ટ),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર–વરાછાઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) . ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર